ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૭-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

રોજાનું રાજકારણ : શિવસેના-ભાજપ માટેની શિરોવેદના

દિલ્હીના નવા મહારાષ્ટ્ર સદનમાં શિવસેના સાંસદ રાજન વિચારે અને અન્ય દસ સાંશદો દ્વારા ભોજનાલયના મુસલમાન મેનેજર સાથે કરાયેલ દુર્વ્યવહારના મુદ્દે સંસદનાં બેઉ ગૃહોમાં ખળભળાટ મચી ગયો છે. શિવસેનાની મથરાવટી શરૂથી જ મેલી રહી છે. એ કાયદા કાનૂનનો આદર કરવાની જમાત નથી. નવાઈની વાત એ છે આખી જિંદગી દાદાગીરી કરતા રહ્યા અને ગેરબંધારણીય ગણાય એવી ભાષામાં વાતચીત કરતા રહ્યા છતાં બાળાસાહેબ ઠાકરેને આંગળી અડાડવાની હિંમત કોઇ કરી શક્યું નહોતું. શિવસેનાના નિશાન પર ચૂંટાયેલા સાંસદો પણ એ જ સ્ટાઇલમાં વર્તવાનું શીખ્યા છે. ગત ૧૭ જુલાઇના દિવસની આ ઘટના છે. મહારાષ્ટ્ર સદનના નિર્માણમાં થયેલ ભ્રષ્ટાચાર કે કેન્ટિનમાં ચાલતી ગરબડના મુદ્દે તપાસ કરાય તે પણ જરૂરી છે. પરંતુ કોઇની ધાર્મિક લાગણી દુભાવવાનો પ્રયાસ કરાય, જાહેરમાં એને અપમાનિત કરી એની કાકલૂદી છતાં બળજબરીપૂર્વક રોજેદારના મોઢામાં રોટલી ઠોંસી દેવાય એ બાબત ઘણી જ નિંદનીય છે. સાંસદોએ આઇઆરસીટી દ્વારા કોન્ટ્રાક્ટ પર ચલાવાતા ભોજનાલયમાં મરાઠી ખાણું માગ્યું એ એમને ન પીરસી શકાયું એથી ગુસ્સે થઇ ગયેલા સાંસદોએ રેસિડેન્ટ કમિશનર સમક્ષ ફરિયાદ કરીને કોન્ટ્રાક્ટરને ઠપકો અપાવ્યો હોત તો એ વાજબી લાગત. પરંતુ એમને તો કાયદો હાથમાં લઇને કેન્ટિન મેનેજર સાથે જ હિસાબ ચૂકતે કરવાનું વલણ દાખવ્યું. રોટલી તોડવા જતાં તૂટે નહીં એવી હોવાનું કહી સાંસદ રાજન વિચારેએ એ રોટલી રોજેદાર કર્મચારીને બળજબરીપૂર્વક ખવડાવવાનો પ્રયાસ કર્યો અને એ આખેઆખી ઘટના સીધી જ કેમેરામાં કંડારાઇ ગઇ. એથી આવું કશું બન્યું જ ન હોવાની દલીલ તો કરી શકાય એમ જ ન હતી. તેથી શિવસેનાના સાંસદોએ પોતે મેનેજરના ધર્મ વિશે અજાણ હોવાનું કહી ખાલ બચાવવાની કોશિસ કરી છે. એમનાં સર્વોચ્ચ નેતા શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ આ દુષ્કૃત્યને છાવરવાની કોશિશ કરી છે અને 'સામના' માં 'મુકાબલા હમસે હૈ' શીર્ષક હેઠળ લેખ પણ છપાયો છે. ઉદ્ધવ ઠાકરેને પણ મોડે મોડે સમજાયું લાગે છે કે આ ઘટનામાં ઘણું કાચું કપાઇ ગયું છે. બંધારણીય પરિપ્રેક્ષ્યમાં જોતાં આવા કૃત્ય બદલ એમના સાંસદની સદસ્યતા પણ રદ થઇ શકે, એવી આ ગંભીર બાબત છે. એથી એમને જરા નરમ રૂખ અપનાવી પોતે હિંદુ અને હિંદુત્વવાદી હોવા છતાં અન્ય ધર્મ-સંપ્રદાયોનો પણ આદર કરતા હોવાનું નિવેદન કર્યું છે. સાંસદ રાજન વિચારેએ પણ મોડે મોડે પોતાના વર્તનથી કોઇની ધાર્મિક લાગણી દુભાઇ હોય તો તે બદલ પોતે દિલગીર હોવાનું નિવેદન કર્યું છે. સામાન્ય રીતે આટલું થયા બાદ વાત પર પૂર્ણવિરામ મુકાઇ જવું જોઇતું હતું. કદાચ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણ પણ આ બાબતે વધુ વિતંડાવાદ ચગે એવું નહીં જ ઇચ્છતા હોય. એમણે તો ઉલટાની મહારાષ્ટ્ર સદનમાં ચાલતી લાલિયાવાડીની તપાસ કરવાનું આશ્વાસન આપ્યું છે. દેખીતું છે કે રાજધાનીમાં આવેલ દરેક રાજયના આવા વિશિષ્ટ અતિથિગૃહો પોતાના પ્રદેશના આગેવાનોને સાચવે છે, ગુજરાત ભવનમાં લોકો એટલા સારું ઊતરવાનું પસંદ કરતા હોય છે કે ત્યાં ગુજરાતી ખાણું મળી રહે છે. મહારાષ્ટ્રનાં નવા ચૂંટાયેલા સાંસદો કે જેમને હજી લગી કદાચ અધિકૃત નિવાસ પણ ફાળવી શકાયેલ નથી, તે ચાલુ સંસદસત્રમાં મહારાષ્ટ્ર સદનના ભોજનાલયમાં મરાઠી ખાણાની અપેક્ષા રાખે એ વાજબી જ ગણાય, અને એમની એ માગણી કોન્ટ્રાકટરે સંતોષવી પણ જોઇએ. પરંતુ અહીં જે ઘટના ઘટી છે. એમાં સાંસદોની વાજબી માગણીનો મુદ્દો હાંસિયે ધકેલાઇ જાય છે અને નાગરિક અધિકારના હનનનો મુદ્દો કેન્દ્ર સ્થાને આવી જાય છે. ઓવૈસી જેવા કટ્ટરપંથીથી લઇ કોંગ્રેસ, જદ(યુ), રાષ્ટ્રવાદી કોંગ્રેસ, ડાબેરીઓ સહિત બધા જ સાંસદો આ મુદ્દે શિવસેનાના સાંસદો સામે કડક પગલાં ભરવાનો આગ્રહ કરી રહ્યા છે. ભાજપ સૌથી જૂના અને સૌથી મહત્ત્વનાં સાથી તરીકે શિવસેના હાલ તો સત્તામાં ભાગીદારી પણ ધરાવે છે. કેન્દ્રીય મંત્રી અનંત ગીતેએ એમના સાથી સાંસદોનો બચાવ કરવાની કોશિસ કરી એથી ઊલટાના વિપક્ષો વધુ ગિન્નાયા છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં છે. ત્યારે આ મુદ્દો જીવતો રાખી કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી લઘુમતી વોટબેંકનું ધ્રુવીકરણ કરવાની તક જવા દેવા માંગતી નથી. કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ દ્વારા શિવસેના વિરૂદ્ધ દેખાવો યોજાયા છે. સામે પક્ષે શિવસેના એના ગઢ સમાન મુંબઇ અને મહારાષ્ટ્રમાં આ મુદ્દે હિંદુ મતોનું ધ્રુવીકરણની કોશિશ કરશે, જેમાં ભારતીય જનતા પાર્ટીનું પણ સમર્થન રહેશે. દેશનાં 'સૌનો સાથ, સૌનો વિકાસ' નું રૂપકડું સૂત્ર ગૂંજતું કરનાર વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી પોતાના વરિષ્ઠ નેતાઓને તો દબાવી શકે છે પરંતુ શિવસેનાની સાથે તેઓ ફૂંકી ફૂંકીને ડગ ભરે છે. ઉદ્ધવ ઠાકરેમાં પીઢ નેતાની પરિપક્વતા નથી એમ બાળાસાહેબ ઠાકરે જેવી લોક સ્વીકૃતિ પણ નથી. છતાં બાપની મૂડી પર એ હાલ પૂરતાં તો હિંદુત્વના હીરો હોવાનાં બણગાં મારતા ફરે છે. જો કુનેહપુર્વક શરદ પવારના પ્રાદેશિક અને જાતિવાદી પ્રભાવનો વિનિયોગ કરીને કોંગ્રેસ મહારાષ્ટ્રમાં ગંભીરતાપૂર્વક ચૂંટણી લડે તો ખોવાયેલી જમીન પ્રતિકૂળ સંજોગો છતાં બચાવી શકે એવા મુદ્દો શિવશેના અને ભાજપ સામે ચાલીને આપી રહ્યાં છે. ગોપીનાથ મુંડે જેવા લોકપ્રિય નેતાની ગેરહાજરી ઉપરાંત કેન્દ્ર સરકારની મોંઘવારી રોકવામાં સરિયાળ નિષ્ફળતા અને 'મહાયુતિ' વચ્ચેની સત્તાની સાઠમારી મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપીની તરફેણમાં જાય તો નવાઇ નહીં.

ભૂતપૂર્વ રાજદૂત ડૉ. આફતાબ શેઠનું પીડીપીયુ ખાતે પ્રસંશનીય પ્રવચન

ચાર દાયકાથી વધુ રાજદૂત તરીકેનો અનુભવ ધરાવતા ડૉ. શેઠે ભારત અને જાપાન વચ્ચેના પ્રાચીનથી અર્વાચીન સુધીના સંબંધોનું રસપ્રદ વિશ્લેષણ આપ્યું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર ખાતે આવેલ પંડિત દિનદયાલ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે પબ્લીક ડીપ્લોમસી સીરીઝ હેઠળ યોજવામાં આવેલ વ્યાખ્યાનમાળામાં તા. ૨૨મી જુલાઈએ જાપાન ખાતેના ભૂતપૂર્વ રાજદૂત ડૉ. આફતાબ શેઠનું પ્રવચન યોજવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન યુનિવર્સિટી ખાતે લિબરલ સ્ટડીઝ ઓફ સ્કૂલ દ્વારા આયોજિત કરાયું હતું.

ડૉ. આફતાબ શેઠ વિદેશ મંત્રાલય અને પાકિસ્તાન, ઈન્ડોનેશિયા અને ગ્રીસ જેવા દેશોમાં પણ રાજદૂત તરીકેની સેવાઓ આપવાનો ચાર દાયકાનો અનુભવ ધરાવે છે. તેમણે તેમના વ્યાખ્યાનમાં ભારત અને જાપાન વચ્ચેના પ્રાચીન સમયથી આજ સુધી રહેલા આંતરરાષ્ટ્રિય સંબંધો અને વ્યવહારોને આવરી લીધા હતા. તેમણે આ સંબંધોમાં વેપાર, રાજાશાહી અને બન્ને દેશોના સંબંધો અંગે રશિયન દૃષ્ટિકોણને પણ વિસ્તૃત રીતે રજૂ કર્યો હતો.

વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓ દ્વારા તેમના પ્રવચનને ખૂબજ ઉત્સાહજનક પ્રતિભાવ અપાયો હતો. ડૉ. શેઠે તેમના પ્રવચનને હકારાત્મક અંત પણ આપ્યો હતો. જેની સમગ્ર શ્રાતોઆ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી અને તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લેવામાં આવ્યા હતા.

જન્મદિવસ નિમિત્તે બાર વર્ષના શામે શુકનના ૨૫ હજાર રૂપિયાનું દાન કર્યું

અનોખી રીતે જન્મદિવસ ઉજવી ઉદાહરણ પુરૂ પાડ્યું

ગાંધીનગર, તા. ૨૪

આજની પેઢીના યુવાનો પોતાના જન્મદિવસને વિશેષરૂપે મનાવતા હોય છે. જન્મ દિવસે હોટેલમાં જઈને પાર્ટી કરવાની, કે પછી દૂર ક્યાંક ફાર્મહાઉસ પર જઈને ધીંગા મસ્તી કરી રપિયાનો ધુમાડો કરતા હોય છે. ૧૨ વર્ષના શામ પટેલે પોતાનો જન્મ દિવસ મંદબુદ્ધિના બાળકો સાથે મનાવી શુકનના બચાવેલ ૨૫,૦૦૦ રૂપિયાનું દાન કરી નવી રાહ ચીંધી છે.

કહેવાય છે કે સંસ્કારો વેચાતા નથી મળતા... પણ તે વારસામાં મળે છે. ત્યારે જાણીતા ઉદ્યોગપતિ સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ અને શામ ફાઉન્ડેશનના ચેરમેન મગનભાઈ પટેલના સંસ્કારો પૌત્રમાં ઉતરી આવ્યા છે. હંમેશા દાન કરી પૂણ્યની આશા ન રાખતા અને બધુ ઉપરવાળાના ભરોશે છોડી દેતા એવા મગનભાઈની સુવાસ સમાજ અને ઠેકઠેકાણે પ્રસરેલી છે.

આ સુવાસને પોતાના પૌત્રએ પણ ફેલાવી છે. બાળકો અને આવનારી પેઢીને દાખલો બેસાડ્યો છે. ૧૨ વર્ષના શામ જતીન પટેલનો જન્મ દિવસ હતો. ત્યારે પરિવારને પણ ખબર નહિ હોય કે આ ૧૨ વર્ષનો કુળદિપક તેનો જન્મ દિવસ અલગ રીતે મનાવશે.જન્મ દિવસ નિમિત્તે શામે વર્ષ દરમિયાન મળેલા શુકનના ૨૫,૦૦૦ રૂપિયા મંદબુદ્ધિના બાળકોને અર્પણ કર્યા છે.

શામ પટેલે આ રૂપિયા ચિન્મય સંસ્થા જે મંદબુદ્ધિના બાળકોને પરિવારનો પ્રેમ આપવાનું કાર્ય કરે છે. તે સંસ્થાને અર્પણ કર્યા છે. અને જન્મદિવસે મંદબુદ્ધિના બાળકો સાથે આખો દિવસ પસાર કરી ભોજન લઈ મનાવ્યો છે. રૂપિયા ૨૫,૦૦૦ નો ચેક ટ્રસ્ટી ગર્ગ શુકલને પોતાના નાના હાથે અર્પણ કર્યો છે.

હાલનો યુવાન દારૂ અને મોજ-શોખ સાથે પોતાનો જન્મ દિવસ ઉજવે છે. મિત્રોમાં પોતાની અલગ છાપ ઉત્પન્ન કરવા માટે એક દિવસમાં હજજારો રૂપિયાનો ધુમાડો કરી વટ મારતા હોય છે. ત્યારે આવા યુવાનો માટે આ બાર વર્ષના ટેણીયોમાંથી શિખ મેળવવી જોઈએ. ત્યારે આ શામ માટે એમ કહેવું બિલકુલ અયોગ્ય નથી કે મોરના ઈંડા ચિતરવા ન પડે.

હાલમાં અવસાન પામેલ ગુજરાતના કવિઓને કલાગુર્જરી સ્વરાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના સાંસ્કૃતિક અને સાહિત્યિક ક્ષેત્રોને મૌલિક અને આગવા પ્રદાનોથી ધબકતું રાખીને અનેરી ઉંચાઈ સુધી પહોંચાડનારા કલાકારો અનંત યાત્રાએ જાય છે. ત્યારે આ વિદાય ખુબજ વસમી લાગે છે. ત્યારે હાલમાં જ અનંત યાત્રાએ નિકળેલા કવિઓને કલાગુર્જરી ગાંધીનગર દ્વારા સ્વરાંજલિ આપવામાં આવશે.

ગાંધીનગરની જાણીતી કલાગુર્જરી અને સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ દ્વારા હાલમાં અવસાન પામેલ કવિઓને સ્મરાંજલિ અર્પણ કરવામાં આવશે. તા. ૧, ઓગષ્ટ રાત્રે ૯.૦૦ વાગે ટાઉનહોલ ગાંધીનગર ખાતે સંસ્થાના સભ્યો અને પરિવારો સ્મરાંજલિ અર્પશે.

વાર્તા નાટ્ય અને સિનેમા ક્ષેત્રે પ્રદાન કરનારા રામજીભાઈ વાણિયા, લોક સંગીત અને લોક સાહિત્યનો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ડંકો વગાડનારા બાબુભાઈ રાણપરા અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુત્ર નાનકભાઈ મેઘાણીનું અવસાન હાલમાં જ થયું છે. ત્યારે આ ગુજરાતના ગૌરવવંતા સ્વર્ગસ્થોને સ્વરાંજલિ આપવા કલાગુર્જરી ગાંધીનગરના પ્રમુખ એન.પી. પટેલ, ઉપપ્રમુખ જયરાજસિંહ સરવૈયા, મંત્રી એમ.એમ. શુકલ, સહમંત્રી, જયપ્રકાશ ભટ્ટ, કોષાધ્યક્ષ શરદ વ્યાસ, સહમંત્રી મુંજાલ રાવલ અને કાર્યક્રમ સંયોજીકા આશાબા સરવૈયાએ સૌ કલા સાહિત્ય પ્રેમિઓને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. કાર્યક્રમ માટે કોઈ નિમંત્રણ કાર્ડ છપાવવામાં આવ્યા નથી.

બાસ્કેટબોલ સ્પર્ધામાં જી.આઈ.પી.એસ. સ્કૂલના ચાર વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા આયોજિત અંડર-૧૪ બાસ્કેટબોલ ટુર્નામેન્ટ બી.એ.પી.એસ. ખાતે યોજવામાં આવી હતી. ટૂર્નામેન્ટમાં રાંધેજામાં આવેલ જી.આઈ.પી.એસ. સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના ચાર વિદ્યાર્થીઓએ બીજો ક્રમ મેળવ્યો હતો.

જેમાં રૂષિ બી. ચૌધરી, વિક્રમ બી. વાઘેલા, પ્રિત આઈ. પટેલ અને યશ એલ. ચૌધરી સ્ટેટ ટીમ માટે પસંદગી પામ્યા છે. આ વિદ્યાર્થીઓ સ્ટેટ લેવલની સ્પર્ધામાં ભાગ લેશે. વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય હોકીમાં દ્વિતીય સ્થાને

ગાંધીનગર, તા. ૨૪

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૧૬ વિદ્યાર્થીનીઓને અન્ડર-૧૯ શાળાકીય હોકી સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જેઓએ દ્વિતીય સ્થાન મેળવેલ છે. ભાગ લેનાર વિદ્યાર્થીઓ ચૌધરી જાનુ, ચૌધરી નીમા, રાણા જનક, ગોહિલ ઝલક અને ભાભોર નિકિતા આ બહેનો રાજ્યકક્ષાએ પસંદ થઈ છે. આચાર્યાશ્રી સંતોકબેન, વ્યાયામ શિક્ષક શ્રી લીલાબેન, શ્રી વિનાક્ષીબેન તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

જે.એમ. ચૌધરી કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં ચાલતા વિવિધ યુનિટો એન.એસ.એસ. એન.સી.સી. પ્રવાસ પર્યટન, બાળ ઊર્જા રક્ષકદળ, સ્કાઉડ ગાઈડના સંયુક્તે રીતે અને આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ કરાયું હતું.

સુપરવાઈઝરશ્રી ચારૂલબેન, શ્રી સુલભાબેન, રમીલાબેન, શ્રી ભાવનાબેન, ચંદ્રિકાબેન, રમીલાબેન, શ્રી કિષ્નાબેન, શ્રી ધરાબેન વગેરે વૃક્ષા રોપણ કર્યું હતું. દરેક છોડને માવજત કરીને ઉછેરવા આચાર્યશ્રી સંતોકબેન જણાવ્યું હતું.

હરિની દૃષ્ટિ...

તારી પાસે સમય ઓછો છે..., સામે નેશનલ ન્યૂઝની ટીમ છે સમગ્ર દેશ જોઇ રહ્યો છે... અત્યારે તને કેવું લાગી રહ્યું છે...!!

જ્ઞાનકુંભ

- દર્શન માર્ગ

વર્તમાન પ્રવાહો

૧. હાલ ભારતમાં કેન્દ્રિય ગ્રામીણ વિકાસ મંત્રી કોણ છે?
➜ **નીતિન ગડકરી**

૨. વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રશાંતિ સેનાની વિશિષ્ટ સમિતિમાં કયા ભારતીયની નિમણૂંક કરવામાં આવી છે?
➜ **અભિજીત ગુહા**

૩. વર્ષ ૨૦૧૪માં રશિયાએ વિશ્વના કયા દેશ પરનો હથિયાર પ્રતિબંધ હટાવી લીધો છે?
➜ **પાકિસ્તાન**

૪. વર્ષ ૨૦૧૪માં ઉજવવામાં આવેલ વિશ્વ પર્યાવરણ દિવસનો મુખ્ય વિષય કયો હતો?
➜ **નાના ટાપુઓ અને વાતાવરણમાં પરિવર્તન**

૫. વર્ષ ૨૦૧૪માં મિશ્ર દેશના નવા રાષ્ટ્રપતિ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?
➜ **અબ્દેલ ફતહ અલસીસી**

૬. વર્ષ ૨૦૧૪માં પ્રકાશિત થયેલ 'ગ્રીન પોએમ્સ' પુસ્તકના લેખક કોણ છે?
➜ **ગુલજાર**

૭. વર્ષ ૨૦૧૪ સંયુક્ત રાષ્ટ્ર લોકસેવા દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
➜ **૨૩ જૂન**

૮. વર્ષ ૨૦૧૪ યુનેસ્કોએ વિશ્વ ધરોહરની યાદીમાં ભારતની કઈ ઐતિહાસિક ઈમારતને સ્થાન આપવામાં આવ્યું છે?
➜ **રાણીની વાવ (રાણકી વાવ)**

૯. વર્ષ ૨૦૧૪માં 'ઈન્ડિયા ટુડે'ના પ્રબંધક નિર્દેશક પદેથી કોણે તાજેતરમાં પોતાનું રાજીનામું આપી દીધું હતું?
➜ **દિલીપ સી. મંડલ**

૧૦. માલતી દેવી જ્ઞાનપીઠ પુરસ્કાર ૨૦૧૪ કયા ક્ષેત્ર સાથે સંબંધ ધરાવે છે?
➜ **શિક્ષા**

૧૧. વર્ષ ૨૦૧૪માં કયા જેલમાં બંધ કેદીઓના બાળકો માટે નાણાંકીય સહાય આપવા માટે યોજનાની શરૂઆત કરી છે?
➜ **દિલ્હી**

૧૨. વર્ષ ૨૦૧૪માં ભારતના નવા એટર્ની જનરલપદે કોની વરણી કરવામાં આવી છે?
➜ **મુકુલ રોહતંગી**

૧૩. વર્ષ ૨૦૧૪ ભારતના કયા રાષ્ટ્રીય ઉદ્યાનને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ કરવામાં આવ્યું છે?
➜ **ગ્રેટ હિમાલયન રાષ્ટ્રીય ઉદ્યાન**

૧૪. વિશ્વ શાંતિ ૨૦૧૪ની જાહેર થયેલ યાદીમાં ભારતનો ક્રમ કયો છે?
➜ **૧૪૩**

૧૫. ભારતના ૨૯માં રાજય તેલંગાણા રાજયના પ્રથમ રાજયપાલ પદે કોની વરણી કરવામાં આવી છે?
➜ **ઇ.એસ.એલ. નરસિહમા**

૧૬. તાજેતરમાં કાળા નાણાં ભારતમાં પરત લાવવા માટે કઈ વિશેષ તપાસ દળ (એસ.આઈ.ટી.) ના અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **એમ.બી. શાહ**

૧૭. વર્ષ ૨૦૧૪માં યુક્રેનના નવા રાષ્ટ્રપતિ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
➜ **પેટ્રો પેરોશેન્કો**

૧૮. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કેબિનેટમાં સૌથી યુવા મંત્રી કોણ છે?
➜ **સ્મૃતિ ઇરાની**

૧૯. ગુજરાતમાં સાળંગપુર સ્થિર હનુમાનજીનું પ્રસિદ્ધ મંદિર કયા જિલ્લામાં આવ્યું છે ?
➜ **બોટાદ**

૨૦. ગુજરાતના દ્વારકામાં સ્થિત ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાચીન મંદિર કયા જિલ્લામાં આવેલું છે ?
➜ **દેવભૂમિ દ્વારકા**

'હીરો' મનહર ઉદાસ... ગુજરાતી ગઝલ ગાયકીનાં મીઠડાં 'સૌદાગર'

ગુજરાત વિધાનસભાના સભ્યો ગુજરાતીમાં 'નયનને બંધ રાખીને'થી લઈ હિન્દીમાં 'હર કીસી કો નહીં મિલતા યહાં પ્યાર જીંદગી મેં' માં રસતરબોળ થઈ ઝુમી ઉઠ્યા : 'આગમન'થી 'અવસર' સુધીના ૩૦ 'અદ્‌ભૂત' ગઝલ આલ્બમમાં મનહલ ઉદાસના મખમલી કંઠનો ગુજરાતી ગઝલનો ખજાનો

ઉઘડતે પડદે
—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

'નયનને બંધ રાખીને મેં જયારે તમને જોયા છે' જેમનો ટ્રેડ માર્ક છે, 'હીરો' નાં દરેકે દરેક રોમેન્ટીક ગીતોથી આજેય જેમને યાદ કરાય છે એવા મનહર ઉદાસનાં કંઠે ગવાયેલી મરીઝની કેટલીય ગઝલો ગુજરાતી લવર્સે એમની રીંગટોન બનાવી છે. માત્ર ગુજરાતી ગઝલનાં જેમનાં ૩૦ આલ્બમ પ્રસિદ્ધ થયાં છે એમને ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભાના ધારાસભ્યોને એમની ગાયકીનો સુંદર ગુલદસ્તો રજૂ કર્યો. 'ઝાંબાંઝ' ના ગીત સાથે આખા ટાઉનહોલમાં ફરી વળીને એમને એમનાં ચાહકોને ઘેલાં કરી મુક્યાં...

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ અને કવિજીવ ભાગ્યેશ જહાએ 'મનહર ઉદાસ'ના સુરીલી શામનો એક્કો ઉતારી સૌ ધારાસભ્યોનાં મનહરી લીધાં... 'વક્રતુંડ મહાકાય' અને 'ૐ ભૂર્ભવઃ સ્વઃ' ની માંગલિક શરૂઆત સાથે જ મનહર ઉદાસે શ્રોતાઓનાં કાન સરવાં કરાવી લીધાં કે આજ કુછ હસી શામ રંગ લાનેવાલી હૈ. ગુજરાતી ગઝલમાં આગમન, અવસર, આનંદ, આવકાર, અર્પણ, આમંત્રણ, અરમાન, અભિનંદન, અમૃત, આભૂષણ, અનુરાગ... છેક 'અદ્‌ભૂત' જેવા એક એકથી ચઢિયાતા ૩૦ આલ્બમ પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે.

આદિલ મન્સુરીની 'જયારે પ્રણયની જગમાં શરૂઆથ થઈ હશે, ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.' નાં શેરાં 'એ આંખ ઉઘાડેને શરમાય ગઝલ, એ કેશ ગૂંથે ને બંધાય ગઝલ'થી મહેફિલનો સમા બંધાઈ ગયો...

સૈફ પાલનપુરીનો 'ખાનગી પત્ર'ની ગઝલ, 'વર્ષોથી સંગ્રહી રાખેલી દિલની વાત જણાવું છું, હું તમને બહુ ચાહું છું...' 'બરકત વિરાણી - બેફામ' ની રચના 'થાય સરખામણી તો ઉતરતા છીએ, એમનાં ઘરને રોશની આપવા, ઝૂંપડી પર અમારી જલાવી દીધી.' ગુજરાતી ચુનંદા ગઝલથી સતત તાળીઓનો સાથ મળતો રહ્યો...

મરીઝની રચના 'હું કયાં કહું છું આપની 'હા' હોવી જોઈએ પણ 'ના' કહો તો એમાં પણ વ્યથા હોવી જોઈએ. આ ગઝલમાં તબલાં અને વાયોલીનના મધુરા ટૂકડાએ મેલોડિયસ રંગ જમાવ્યો અને શ્રાતઓ 'વાહ'નાં ઉદ્‌ગાર કાઢ્યાં અને એમાં 'મક્તા'ના શેરમાં પૃથ્વીની આ વિશાળતા અમથી નથી મળી, એનાં મિલની કયાંક જગા હોવી જોઈએ.' જામી ગયું... ઉર્દૂમાં ચાર લાઈનની 'રૂબાઈ' હોય છે એમ ગુજરાતીમાં 'મુક્તકો' હોય છે અને એ મનહર ઉદાસે રજૂ કર્યાં...

સમયનો સાદો નિયમ છે કે એ અટકતો નથી
નિયમ છે શાદો પ્રેમનો કે એ ટકતો નથી
તમારો સાદો નિયમ છે કે સૌને ભટકાવો
અને મારો સાદો નિયમ છે કે હું ભટકતો નથી
- ડૉ. મુકુલ ચોક્સી

દિલ તમને આપતાં આપી દીધું
માંગતા પાછું અમે માપી લીધું
માત્ર એક જ ક્ષણ તમે રાખ્યું છતાં
ચો તરફથી કેટલું કાપી લીધું
- શૂન્ય પાલનપુરી

એવું નથી કે પ્રેમમાં પડવું જ જોઈએ
પણ જો પડ્યાં તો બેઉને પરવડવું જોઈએ

નાના ભૂલકાઓને સ્ટેજ પર બોલાવી પોતાની પાસે બેસાડી કૈલાસ પંડિતનું હાલરડું 'દીકરો મારો લાડકવાયો દેવનો દીધેલ છે' અને મુકેશ માલવણકરનું 'દીકરી મારી લાડકવાયી લક્ષ્મીનો અવતાર, એ સુવે તો રાત પડે ને જાગે તો સવાર' બંને હાલરડાંએ મહેફીલને ભાવવાહી બનાવી દીધી...

જૂનું એટલું સોનું જેવું ૬૪ વર્ષ જૂનું અજીત મર્ચન્ટ - દિલીપ ધોળકીયા - વેણીભાઈ પુરોહિતની રચના 'તારી આંખનો અફિણી, તારા બોલનો બંધાણી, તારાં રૂપની પૂનમનો પાગલ એકલો' બધા ધારાસભ્યો પાસે ગવરાવ્યું... આસિમ રાંદેરીની રચના 'મને અવનવી પ્રેરણા થઈ રહી છે, જુઓ લીલા કૉલેજમાં જઈ રહી છે' અને ગુજરાતી ગઝલનાં ગુલદસ્તા બાદ તેઓ હિન્દી ગીતો તરફ વળ્યાં...

'આપ તો ઐસે ના થે' ઉષા ખન્નાનું સ્વરબદ્ધ કરેલું 'તું ઈસ તરહા સે મેરી જિંદગી મેં શામિલ હૈ, જહાં ભી જાઓ યે લગતા હૈ તેરી મહેફિલ હૈ...' વન્સમોર પર આની છેલ્લી પંક્તિ 'હર એક શેહ મોહબ્બત નૂર સે રોશન, યે રોશની જો ના હો જિંદગી અધુરી હૈ...' 'કુર્બાની' નું કલ્યાણજી - આણંદજીનાં સંગીત અને ઈન્દિવરનું ગીત 'હમ તુમ્હે ચાહતે હૈ ઐસે, મરનેવાલા કોઈ જિંદગી ચાહતા હો જૈસે' હિન્દી ફિલ્મોનો ગોલ્ડન યેરા ચાલુ થયો...

અમિતાભ બચ્ચનનું 'અભિમાન'નું એસ.ડી. બર્મનનાં સંગીત સાથે લતાનું ડ્યુએટ 'લૂંટે કોઈ મનકા નગર બનકે મેરા સાથી, કૌન હે વો અપનો ભી કભી'નું યાદગાર ગીત આપ્યું... 'હીરો'ની મેડલી ચાલુ કરી 'તું મેરા જાનું હૈ, તું મેરા દીલબર હૈ, મેરી પ્રેમ કહાની કા તું હીરો હૈ...' લોગો સે સૂના હૈ, કિતાબોં મેં પઢા હૈ, સબને યહી કહાં હૈ, પ્યાર કરને વાલે કભી ડરતે નહીં, જો ડરતે હૈ વો પ્યાર કરતે નહીં...' 'હમ તેરે બીન કહી રહે નહીં પાતે, તુમ નહીં આતે તો હમ મર જાતે...'

મનહર ઉદાસે હસતાં હસતાં કીધું કે હવે તમને મારા ગીતોની બબ્બે લાઈન સંભળાવીશ એટલે મારા માટેની તમારી શંકા દૂર થઈ જશે... 'મુઝે તુમસે હૈ કીતને ગીલે, તુમ કીતને દિન બાદ મીલે, બોલો ઈતને દિન કયા કિયા? પ્યાર કીયા, તેરા નામ લીયા...' 'સૌદાગર, સૌદાકર દિલ લે લે દિલ દે કર...' પ્યાર કરતે હૈં હમ તુમ્હે કિતના, દૌ આંખો તો કયાં દો જહાં મેં સમાયેં ના જીતના...' 'તું કલ ચલા જાયેગાં તો મેં કયા કરૂંગા? તું યાદ બહોત આયેગા તો મેં કયાં કરૂંગા...' 'જબ બાગ મેં કોઈ ફુલ ખીલા તો ભંવરેને કહાં ઈલુ, ઈલુ, ઈસુ કા મતલબ આઈ લવ યુ...'

● અનુસંધાન પાના - ૭ પર